# 3 ત્રણ ઢીંગલીઓ

| | |
|---|---|
| હેતુ<br>Objectives | • ગંભીરતા, ગુપ્તતાનું મહત્વ જણાવવું • સૂઝ-બૂઝથી કાચ લેવાની પ્રેરણા, પ્રશંસા કરવા જેવો ગુણ વિકસાવવો, ઉખાણાં જેવી પ્રવૃત્તિને વેગ આપવો • સારી-ખરાબ વ્યક્તિઓની ઓળખ કરાવવી • પાઠનું શુદ્ધ પઠન કરાવવું. |
| સહાયક સામગ્રી<br>Support material | • પાઠ્યપુસ્તક • અભ્યાસપત્ર • ઈ-બુક એનિમેશન સહિત • ટેસ્ટ જનરેટર • વેબ સપોર્ટ • શ્યામફલક • ચૉક. |
| પાઠની તૈયારી<br>Generate interest | • "આવો જાણીએ" શીર્ષક હેઠળ અપાયેલ પ્રશ્નોની ચર્ચા થોડા ઉખાણાં પૂછીને રોચકતા પેદા કરવી • બાળકોને પૂછવું – શું તમે બીરબલનું નામ સાંભળ્યું છે? બીરબલ કોણ હતા? • બીરબલની ચતુરાઈની કોઈ ઘટના કે મજાકભરી વાત સંભળાવો • શું તમે ક્યારેય બુદ્ધિના પ્રયોગથી કોઈ પ્રશ્નને હલ કર્યો છે? • પછી કહેવું – આજે આપણે એક એવી ચિત્રકથા વાંચીશું જેમાં બીરબલ એક સમાન દેખાતી ઢીંગલીઓનો સ્વભાવ જણાવીને સૌથી સારી ઢીંગલી શોધે છે. |
| વાચન/પઠન/શ્રવણ<br>Speaking/reading/ listening | • બાળકોને અકબર, બીરબલ, કલાકાર, દરબારીઓની ભૂમિકા સોંપીને અભિનય સ્વરૂપે સંવાદ વાંચવાનું કહેવું • સંવાદ બોલવાની રીત પર ધ્યાન દેવું • ચિત્રકથાનું એનિમેશન દેખાડવું • ઉચ્ચારણ માટે સીડીની સહાયતા લેવી • બાળોકોને મૌન પઠન કરાવવું. |

| | |
|---|---|
| **શબ્દ પરિચય**<br>**Vocabulary** | • પાઠમાં દર્શાવાયેલ શબ્દાર્થ જણાવવા • અન્ય નવીન શબ્દો જેવા કે મહારાજ, તફાવત, આશ્ચર્યચકિત વગેરેના અર્થ સમજાવવા. |
| **મૌખિક/લિખિત/અભિવ્યક્તિ**<br>**Oral/written expression** | • વાર્તાનો ભાવ સમજાવીને મૌખિક અને લિખિત પ્રશ્ન પૂછવા અને લખાવવા.<br>• ભાષાને લગતો અભ્યાસ-વિરુદ્ધાર્થી શબ્દ, સમાનાર્થી શબ્દ, ટ, ઠ, ડ, ઢવાળા શબ્દો, વર્ણ વિચ્છેદનો અભ્યાસ કરાવવો. |
| **રચનાત્મક પ્રવૃત્તિઓ**<br>**Creative activities** | • વાર્તા સંગ્રહમાંથી વાર્તા વંચાવવી.<br>• વિદ્યાર્થીઓ પોતાનો અનુભવ લખે.<br>• ઈન્ટરનેટના માધ્યમથી વિદ્યાર્થીઓ માહિતી એકઠી કરે. |
| **જીવનમૂલ્ય**<br>**Values** | • ગંભીરતા અને ગુપ્તતાનું મહત્વ આ વાર્તામાં દર્શાવાયું છે • વિદ્યાર્થીઓને સમજાવવું કે બુદ્ધિનો ઉપયોગ કરીને આપણે બધા પ્રશ્નો હલ કરી શકીએ છીએ. |
| **નિષ્કર્ષ**<br>**Learning outcome** | • વિદ્યાર્થીઓ અન્યની વાત ગુપ્ત રાખશે.<br>• અન્યએ કહેલી વાતને મહત્વ આપશે.<br>• પોતાની વિવેક બુદ્ધિથી પ્રશ્નો હલ કરશે. |

## પાઠનો સારાંશ:

અકબરઅને બીરબલના કિસ્સાઓ ઘણા પ્રસિદ્ધ છે. બીરબલ પોતાની બુધ્ધિચેતા અને સૂઝ-બૂઝ માટે જાણીતા છે. બીરબલ અકબરના મંત્રી હતા. આ વાત તે સમયની છે. જ્યારે અકબર આગ્રામાં શાસન કરી રહ્યા હતાં. એકવાર અકબરના દરબારમાં એક કલાકાર એકસમાન દેખાતી ત્રણ ઢીંગલીઓ લાવ્યા હતા. બાદશાહ તેને ખરીદવા ઈચ્છતા હતા, પરંતુ કલાકારે કહ્યું કે, તે આમાંથી સૌથી સારી ઢીંગલી શોધી શકનારને જ ઢીંગલીઓ આપશે. બધા દરબારીઓએ પ્રયાસ કર્યો પણ તેઓ અસફળ રહ્યા. પછી અકબર બીરબલને પ્રયાસ કરવાનું કહ્યું. બીરબલે ત્રીજી ઢીંગલીને સૌથી સારી કહી. કારણ કે પહેલી ઢીંગલી તે લોકો જેવી હતી જે અન્યની વાતોને મહત્વ નથી આપતા. બીજી તે લોકો જેવી હતી જે અન્યની વાતો સાંભળીને બીજાને બતાવી દે છે. જ્યારે ત્રીજી ઢીંગલી અન્યની વાતોને મહત્વ દેતી હતી અને કોઈને જણાવતી નહોતી. કલાકારે ખુશ થઈને ઢીંગલીઓ બીરબલને આપી દીધી.

## અભ્યાસ

### સ્વાધ્યાય

**મૌખિક**

**પ્ર.૧ અકબરના દરબારમાં ઢીંગલીઓને લઈને કોણ આવ્યું ?**

જ.૧ અકબરના દરબારમાં ઢીંગલીઓ લઈને એક કલાકાર આવ્યો.

**પ્ર.૨ દરબારીઓને ત્રણે ઢીંગલીઓ કેવી લાગી રહી હતી ?**

જ.૨ દરબારીઓને ત્રણે ઢીંગલીઓ એકસરખી લાગી રહી હતી.

**પ્ર.૩ કઈ ઢીંગલી સહુથી સારી હતી ?**

જ.૩ ત્રીજી ઢીંગલી સહુથી સારી હતી.

**પ્ર.૪ ત્રણે ઢીંગલીઓમાં શું તફાવત હતો ?**

જ.૪ ત્રણે ઢીંગલીઓના સ્વભાવમાં તફાવત હતો.

## લિખિત

૧. **પ્ર.૧ કલાકાર ઢીંગલી કોને આપવા ઈચ્છતો હતો ?**

જ.૧ કલાકાર સૌથી સારી ઢીંગલી શોધી આપનારને ઢીંગલી આપવા ઈચ્છતો હતો.

**પ્ર.૨ બીરબલે ઢીંગલીઓ વચ્ચેનો ભેદ કઈ રીતે શોધ્યો ?**

જ.૨ બીરબલે ઢીંગલીઓના કાનમાં ફૂંક મારીને ભેદ શોધ્યો.

**પ્ર.૩ બીજી ઢીંગલી કયા લોકો જેવી હતી ?**

જ.૩ બીજી ઢીંગલી તે લોકો જેવી હતી જે સાંભળેલી દરેક વાત અન્યને કહી દે છે.

**પ્ર.૪ ત્રીજી ઢીંગલી સૌથી સારી કેમ હતી ?**

જ.૪ ત્રીજી ઢીંગલી સૌથી સારી હતી કેમ કે, તે એવા લોકો જેવી હતી જેઓ અન્યની ગુપ્ત વાતો પોતાના સુધી જ રાખે છે.

૨. **કોણે, કોને કહ્યું ?**

૧. કલાકારે અકબરને કહ્યું.

૨. બીરબલે અકબરને કહ્યું.

૩. કલાકારે અકબરને કહ્યું.

૪. અકબરે બીરબલને કહ્યું.

૩. **યોગ્ય ઉત્તરની સામે (✓) ની નિશાની કરો.**

૧. કલાકાર કોના દરબારમાં આવ્યો ? ☑ અકબરના

૨. કલાકાર પાસે કેટલી ઢીંગલીઓ હતી ? ☑ ત્રણ

## મૂલ્યવર્ધક પ્રશ્ન.

વડીલો-વૃદ્ધો અનુભવી હોય છે. તેઓ પોતાના અનુભવથી આપણને યોગ્ય બાબતો જણાવે છે. તેથી આપણે વડીલોની વાતોને ધ્યાનથી સાંભળવી જોઈએ.

## ભાષાજ્ઞાન

૧. વિરુદ્ધાર્થી શબ્દ લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| બહાર | - | ···અંદર··· | પાસે | - | ···દૂર··· |
| આવવું | - | ···જવું··· | ગુણ | - | ···અવગુણ··· |
| સારું | - | ···ખરાબ··· | સુંદર | - | ···કદરૂપું··· |

૨. સમાનાર્થી શબ્દ લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ્રયાસ | - | ···કોશિશ··· | હવા | - | ···વાયુ··· |
| હાથ | - | ···કર··· | મુખ | - | ···ચહેરો, વદન··· |
| ભેટ | - | ···સોગાદ··· | પુરૂષ | - | ···નર··· |

૩. ટ, ઠ, ડ, ઢ વાળા શબ્દોનું યોગ્ય વર્ગીકરણ કરો.

| (ટ) | (ઠ) | (ડ) | (ઢ) |
|---|---|---|---|
| ···ટપાલ··· | ···ઠોઠ··· | ···ડર··· | ···ઢાંકણું··· |
| ···ટોપલી··· | ··ઠળિયો··· | ···ડગલો·· | ····ઢીલુ··· |

૪. નીચેના શબ્દોનો વર્ણ વિચ્છેદ કરો.

કલાકાર = ··ક્·· + ··અ·· + ··લ્·· + ··આ·· + ··ક્·· + ··આ·· + ··ર્·· + ··અ··

અકબર = ··અ·· + ··ક્·· + ··અ·· + ··બ્·· + ··અ·· + ··ર્·· + ··અ··

બીરબલ = ··બ્·· + ··ઈ·· + ··ર્·· + ··અ·· + ··બ્·· + ··અ·· + ··લ્·· + ··અ··

# 4 સમયનું મહત્વ

| | |
|---|---|
| હેતુ<br>**Objectives** | • વિદ્યાર્થીઓ સાથે ચર્ચા દ્વારા સમયના મહત્વને સમજાવવું. સમય પર કાર્ય કરવાના ગુણને વિકસાવવો, તે પણ ચર્ચા કરવી કે ગુલદસ્તો ત્યારે જ બને છે જ્યારે ઘણા ફૂલો સાથે હોય છે. • સાગર ત્યારે જ બને છે જ્યારે પાણીના ઘણા બિંદુઓ એક સાથે મળે છે. આ રીતે આપણો દેશ ત્યારે જ સુંદર બની શકે જ્યારે આપણે હળીમળીને એક સાથે રહીએ. |
| સહાયક સામગ્રી<br>**Support material** | • પાઠ્ય પુસ્તક • અભ્યાસ પત્ર • ઈ-બુક એનિમેશન સહિત • ટેસ્ટ જનરેટર • વેબસપોર્ટ • શ્યામફલક • ચૉક. |
| પાઠની તૈયારી<br>**Generate interest** | • "આવો જાણીએ" શીર્ષક હેઠળ અપાયેલ પ્રશ્નોની ચર્ચા, કવિતા અનુસાર ગુલદસ્તો, ઘર, સાગર, પૃથ્વી વગેરેના નિર્માણ પર ચર્ચા કરવી.<br>• થોડા વધારે પ્રશ્નો પૂછીને ઉત્સુકતા જગાડવી.જેમ કે અગર એક દિવસ તમે સમય પર ન ઉઠો તો શું થાય છે? સમય પર શાળાએ ન પહોંચવાથી શું થાય છે ? આજનું કામ કાલ ઉપર ટાળવાથી શું થાય છે ? કહેવું-આજે આપણે એક એવી કવિતા વાંચીશું જેમાં સમયનું મહત્વ દર્શાવાયું છે. તેનું શીર્ષક છે – સમયનું મહત્વ. |
| વાચન/પઠન/શ્રવણ<br>**Speaking/reading/ listening** | • બે-ત્રણ વાર કવિતા પાઠ કરવો અને કરાવવો.<br>• સીડી સંભળાવવી. • વિદ્યાર્થીઓ પાસે કવિતા યાદ કરાવીને વર્ગમાં સાંભળવી. |
| શબ્દ પરિચય<br>**Vocabulary** | • કવિતામાં દર્શાવાયેલ શબ્દાર્થ જણાવવા. નવા શબ્દોનો પરિચય આપવો. જેમ કે, ગુલદસ્તો-ફૂલોનો ગુચ્છો, સુંદર-ખૂબસુરત, પૃથ્વી-ધરતી, જમીન. |
| મૌખિક/લિખિત/અભિવ્યક્તિ<br>**Oral/written expression** | • પ્રશ્નોના ઉત્તર પહેલાં મૌખિક અને પછી લિખિત સ્વરૂપે કરાવવા.<br>• જીવનમૂલ્યોનું ધ્યાન રાખીને પ્રશ્નોના ઉત્તર હલ કરાવવા.<br>• ભાષા સંબંધી અભ્યાસ-સમાનાર્થી, અનેકાર્થી, વચન, સંયુક્ત વ્યંજન. |
| રચનાત્મક પ્રવૃત્તિઓ<br>**Creative activities** | • પસંદગીની વસ્તુથી ઘડિયાળ બનાવવી અને ઘડિયાળ વિશે કોઈ કવિતા કે ઉખાણું લખવું. • કાગળના ફૂલોનો ગુલદસ્તો બનાવવો.<br>• વિદ્યાર્થીઓ પાસે દિનચર્યાનો ચાર્ટ બનાવવો. |

| જીવનમૂલ્ય<br>**Values** | • એકતા, પ્રકૃતિપ્રેમ, સમયનું મૂલ્ય જેવા ગુણોનું સિંચન કરવું. |
|---|---|
| નિષ્કર્ષ<br>**Learning outcome** | • વિદ્યાર્થીઓ સમયનું મહત્વ સમજે. એકતા, પ્રકૃતિપ્રેમ જેવા ગુણોને અપનાવે. નાની-નાની વસ્તુઓની કિંમત સમજે. |

## કાવ્યનો સારાંશ:

આ કવિતામાં સમયનું મહત્વ સમજાવાયું છે. જે રીતે પાણીનું એક એક બિંદુ મળીને સાગર બનાવે છે તે રીતે એક એક પળનો ઉપયોગ કરીને આપણે આપણા જીવનને સફળ બનાવી શકીએ છીએ. બુદ્ધિમાન વ્યક્તિ પોતાના જીવનની એક-એક ક્ષણનો યોગ્ય ઉપયોગ કરે છે.

# અભ્યાસ

## સ્વાધ્યાય

### મૌખિક

**પ્ર.૧ ઘણાં બધા ફૂલો મળવાથી શું બને છે ?**

જ.૧ ઘણાં બધા ફૂલો મળવાથી ગુલદસ્તો બને છે.

**પ્ર.૨ ઘર કેવી રીતે બને છે ?**

જ.૨ ઘણી બધી ઈંટોને એક-બીજા સાથે જોડવાથી એક સુંદર ઘર બને છે.

**પ્ર.૩ પળ-પળ જોડાવાથી શું બને છે ?**

જ.૩ પળ-પળ જોડાવાથી યુગ બને છે.

**પ્ર.૪ બુદ્ધિમાન કોણ કહેવાય છે ?**

જ.૪ સમયનું મૂલ્ય સમજનાર બુદ્ધિમાન કહેવાય છે.

### લિખિત

૧. **પ્ર.૧ ગુલદસ્તો એટલે શું ?**

જ.૧ ઘણા બધા ફૂલોના ગુચ્છાને ગુલદસ્તો કહે છે.

**પ્ર.૨ જળના અનેક બિંદુઓ મળી જાય તો શું બની શકે છે ?**

જ.૨ જળના અનેક બિંદુઓ મળીને સાગર બની જાય છે.

**પ્ર.૩ પળ અને યુગમાં શું અંતર છે ?**

જ.૩ પળ સમયનો નાનો હિસ્સો છે અને યુગ ઘણો લાંબો સમય છે.

૨. **યોગ્ય ઉત્તરની સામે (✓) ની નિશાની લગાવો.**

| | |
|---|---|
| ૧. ઈંટોથી બને છે. | ☑ ઘર |
| ૨. જળના બિંદુઓથી બને છે. | ☑ સાગર |
| ૩. કણ કણ માટીથી બને છે. | ☑ પૃથ્વી |
| ૪. આ કાવ્ય માટે સૌથી યોગ્ય શીર્ષક. | ☑ સમયનું મહત્વ |
| ૫. આ કાવ્ય દ્વારા આપણને શું શીખવા મળે છે ? | ☑ સમય અણમોલ છે |

**મૂલ્યવર્ધક પ્રશ્ન.**

- સમય પર કામ કરવાથી સફળતા મળે છે, કામ યોગ્ય રીતે થાય છે.
- આ કાવ્ય દ્વારા આપણને એકતા, બચત અને સમયના મહત્વને સમજવાનું જ્ઞાન મળે છે.

## ભાષાજ્ઞાન

૧. **નીચે દર્શાવાયેલ શબ્દો કયા શબ્દના સમાનાર્થી શબ્દો છે તે કાવ્યમાંથી પસંદ કરીને લખો.**

| | | | |
|---|---|---|---|
| ···ફૂલ··· | - પુષ્પ, સુમન | ···પૃથ્વી··· | - ધરા, ધરતી |
| ···સાગર··· | - સમુદ્ર, જલધિ | ···જળ··· | - પાણી, નીર |
| ···ઘર··· | - મકાન, આવાસ | ···મૂલ··· | - મૂલ્ય, કિંમત |

૨. **નીચેના શબ્દોના વચન બદલીને લખો.**

| | | | |
|---|---|---|---|
| ઈંટ | - ···ઈંટો··· | પેન્સિલ | - ···પેન્સિલો··· |
| ગુલદસ્તો | - ···ગુલદસ્તાઓ··· | કાંટો | - ···કાંટાઓ··· |
| બિંદુ | - ···બિંદુઓ··· | પાંદડું | - ···પાંદડાંઓ··· |

૩. **નીચે દર્શાવાયેલ ઉદાહરણ પ્રમાણે શબ્દો લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| સ્ત - | ···ગુલદસ્તો··· | ···અસ્ત··· | ટ્ટ - | ···પટ્ટી··· | ···દટ્ટો··· |
| દ્ધ - | ···બદ્ધિ··· | ···બુદ્ધિમાન··· | ત્ત - | ···સત્તા··· | ···મહત્તા··· |

# 5 રાજેન્દ્રબાબુ

| | |
|---|---|
| હેતુ<br>**Objectives** | • નિખાલસતા અને મોટું મન રાખવાની ભાવનાનો વિકાસ કરવો • મહાન વિભૂતિનું ચરિત્ર ચિત્રણ કરવું • સામાજિક સમાનતાને મહત્વ દેવું<br>• સાદગીપૂર્ણ જીવન જીવવાનો સંદેશ દેવો. |
| **સહાયક સામગ્રી**<br>**Support material** | • પાઠ્ય પુસ્તક • પત્ર • ઈ-બુક એનિમેશન સહિત • શ્યામફલક • ચૉક. |
| પાઠની તૈયારી<br>**Generate interest** | • આવો જાણીએ શીર્ષક હેઠળ દર્શાવાયેલ પ્રશ્નોની ચર્ચા દેશના પ્રધાનમંત્રી,રાષ્ટ્રપતિનાં વિષયમાં ચર્ચા કરવી અને પૂછવું કે આપણો દેશ ક્યારે આઝાદ થયો હતો? આપણા વર્તમાન રાષ્ટ્રપતિ કોણ છે ? બાળકોને ડો.રાજેન્દ્રપ્રસાદનું ચિત્ર બતાવીને તેમની સાથે જોડાયેલી ઘટના અને ચર્ચા કરવી • કહેવું-ભારતના પહેલા રાષ્ટ્રપતિ ડો.રાજેન્દ્રપ્રસાદ હતા • આજે આપણે તેમના જીવન સાથે જોડાયેલી એક ઘટના વિશે જાણીશું • જેમાં તેમની નિખાલસતા અને મોટા મનવાળા સ્વભાવ વિશે જાણકારી મળે છે. |
| વાચન/પઠન/શ્રવણ<br>**Speaking/reading/ listening** | • સ્વયં ભાવપૂર્ણ રીતે વાંચન કરવું • વિદ્યાર્થીઓનો રસ જળવાઈ રહે તે માટે વચ્ચે વચ્ચે પ્રશ્નો પૂછતા રહેવા • બધા વિદ્યાર્થીઓને નાના-નાના ફકરા વાંચવાનું કહેવું<br>• અઘરા શબ્દો શ્યામફલક પર લખવા. બાળકો પાસે શુદ્ધ ઉચ્ચારણ કરાવવું<br>• પાઠનો કોઈ એક ફકરો કાળ બદલીને બોલવા કહેવું. |
| શબ્દ પરિચય<br>**Vocabulary** | • પાઠમાં દર્શાવાયેલ શબ્દાર્થ જણાવવા • અન્યનો પરિચય કરાવવો • જેમ કે મદદ-સહાયતા, ઝટપટ-જલ્દી કહેવત-ગળે લગાડવું-પ્રેમ કરવો • શ્રુતલેખન કરાવવું. |
| મૌખિક/લિખિત/અભિવ્યક્તિ<br>**Oral/written expression** | • અભ્યાસમાં અપાયેલ મૌખિક/લિખિત પ્રશ્નોના ઉત્તર શોધવા • મૂલ્યવર્ધક પ્રશ્ન, ભાષા સંબંધી અભ્યાસ-સંયુક્ત વ્યંજન, સર્વનામ, વાક્ય નિર્માણ. |
| રચનાત્મક પ્રવૃત્તિઓ<br>**Creative activities** | • ચાર્ટ પેપર ઉપર પાંચ રાષ્ટ્રપતિઓના ચિત્ર લગાવવા. ઘટનાનો અભિનય કરાવવો. રાજેન્દ્રપ્રસાદના ગુણો વિશે વાતચીત કરવી. |
| જીવનમૂલ્ય<br>**Values** | • શ્રમ અને સદ્‌ગુણો પ્રત્યે નિષ્ઠા, સામાજિક સમાનતા, રાષ્ટ્રીય ભાવનાનો વિકાસ, અન્યની મદદ કરવી, કોઈને નાનું ન સમજવું. |

| નિષ્કર્ષ Learning outcome | • બાળકો મહાન વિભૂતિ વિશે જાણે. મોટું મન રાખવાનો ગુણ અપનાવે. સાદગીને અપનાવે. સામાજિક સમાનતાને મહત્વ આપે. |
|---|---|

**પાઠનો સારાંશ:**

ભારતના રાષ્ટ્રપતિઓમાં ડો.રાજેન્દ્રપ્રસાદનું નામ ઘણા આદર અને શ્રદ્ધાથી લેવામાં આવે છે. ડો.રાજેન્દ્રપ્રસાદ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ હતા. જેઓ ભારતીય સ્વાધીનતા આંદોલનના પ્રમુખ નેતાઓમાં એક હતા. તેમણે ભારતીય સંવિધાનના નિર્માણમાં પણ પોતાનું યોગદાન આપ્યું. સમગ્ર દેશમાં લોકપ્રિય હોવાના કારણે તેમને રાજેન્દ્રબાબુ કહીને બોલાવવામાં આવતા હતા. તેઓ ઘણા વિદ્વાન હતા. તેમના મનમાં નાના-મોટાનો કોઈ વિચાર નહોતો. તેઓ સરળ સ્વભાવના હતા. આ પાઠમાં તેમના જીવનમાંથી એક નાની ઘટના લેવામાં આવી છે. સ્વયંસેવક ગજજન દ્વારા પોતાને ન ઓળખવા અને નહાવા માટે બાલટી ન દેવામાં આવી હોવા છતાં તેઓએ અપમાન લગાડવાને બદલે બાલટીઓ ભરવામાં ગજજનની મદદ કરી.પછી તેઓને સભામાં જોઈને ગજજન તેમના પગ પકડીને માફી માંગે છે. ત્યારે રાજેન્દ્રબાબુ તેને ગળે લગાડી લે છે.

## અભ્યાસ

### સ્વાધ્યાય

મૌખિક

**પ્ર.૧ ગજજન પાણી અંદર શા માટે લઈ જઈ રહ્યો હતો ?**

જ.૧ ગજજન નેતાઓના નહાવા માટે પાણી અંદર લઈ જઈ રહ્યો હતો.

**પ્ર.૨ એક વ્યક્તિએ ગજજનને શું કહ્યું ?**

જ.૨ એક વ્યક્તિએ ગજજનને કહ્યું-ભાઈ, જરા બાલટી આપી દો, હું પણ નાહી લઉં.

**પ્ર.૩ ગજજને વ્યક્તિને બાલટી કેમ ન આપી ?**

જ.૩ ગજજન પહેલાં પોતાનું કાર્ય પૂરું કરવા માંગતો હતો, તેથી તેણે તે વ્યક્તિને બાલટી ન આપી.

**પ્ર.૪ ગજજને રાજેન્દ્રબાબુ પાસે ક્ષમા શા માટે માંગી ?**

જ.૪ ગજજને જાણ નહોતી કે, જે વ્યક્તિએ તેની પાસે બાલટી માંગી હતી. તેઓ રાજેન્દ્રબાબુ પાસે ક્ષમા માંગી જેઓ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા.

લિખિત

**૧. પ્ર.૧ વ્યક્તિએ બાલટી શા માટે માંગી ?**

જ.૧ ઘણાં મહાન લોકોની સભા શરૂ થવામાં હતી. તે વ્યક્તિને પણ સભામાં બેસવાનું હોય છે, તેથી તેમણે નહાવા માટે બાલટી માંગી.

**પ્ર.૨ વ્યક્તિએ ગજ્જનની મદદ કઈ રીતે કરી ?**

જ.૨ વ્યક્તિએ પાણી ભરેલી બાલટી ભરાવીને અંદર પહોંચાડવામાં ગજ્જનની મદદ કરી.

**પ્ર.૩ રાજેન્દ્રબાબુ કેવી વ્યક્તિ હતા ?**

જ.૩ તેઓ સીધા, સરળ, નિખાલસ વ્યક્તિ હતા. તેમણે એક ગ્રામ્યસેવકની જેમ જીવન પસાર કર્યું.

**૨. યોગ્ય ઉત્તરની સામે (✓) ની નિશાની કરો.**

૧. વ્યક્તિએ ગજ્જનને શું આપવા કહ્યું ? ☑ બાલટી

૨. વ્યક્તિનું નામ શું હતું ? ☑ રાજેન્દ્રબાબુ

૩. આ પાઠનું નામ નીચેનામાંથી કયું હોઈ શકે છે ? ☑ રાજેન્દ્રબાબુના મનની મોટાઈ

**મૂલ્યવર્ધક પ્રશ્ન.**

અમે રાજેન્દ્રબાબુની સાદગી અને મનની મોટાઈ જેવા ગુણો અપનાવીશું. કારણ કે, આ ગુણ આપણને દેખાડો, ઘમંડ જેવી ખરાબ આદતોથી દૂર રાખશે.

## ભાષાજ્ઞાન

**૧. નીચે દર્શાવાયેલ સંયુક્ત વ્યંજનોના ઉપયોગ દ્વારા બે-બે શબ્દ બનાવો.**

જ્જ - ...ગજ્જન, સજ્જન...

ક્ક - ...મક્કા, અક્કલ...

ન્ય - ...ન્યાય, અન્ય...

સ્ત - ...સુસ્તાવું, વ્યસ્ત...

**૨. સંજ્ઞા અને સર્વનામ શબ્દો લખો.**

સંજ્ઞા - ...શરબત... ...લોટો... ...પાણી...

સર્વનામ - ...અમે... ...તું... ...આ...

**૩. શબ્દો જોડીને વાક્ય બનાવો.**

મારે હમણાં અંદર પાણી પહોંચાડવાનું છે.

બસ, મને એક બાલટી દઈ દો.

ગજ્જન રાજેન્દ્રબાબુના પગમાં પડી ગયો છે.

વ્યક્તિએ ઝટપટ સ્નાન કર્યું.

# સંજ્ઞા અને તેના પ્રકાર

**સંજ્ઞા :** જે પદ પ્રાણી, પદાર્થ, લાગણી કે ક્રિયાના ભાવનું વાચક હોય, તેને 'સંજ્ઞા' કહે છે.

**સંજ્ઞાના પાંચ પ્રકાર નીચે પ્રમાણે છે :**

| | | | |
|---|---|---|---|
| ૧. | વ્યક્તિવાચક સંજ્ઞા | ૨. | જાતિવાચક સંજ્ઞા |
| ૩. | સમૂહવાચક સંજ્ઞા | ૪. | દ્રવ્યવાચક સંજ્ઞા |
| ૫. | ભાવવાચક સંજ્ઞા | | |

**૧. વ્યક્તિવાચક સંજ્ઞા :** અમુક જ પ્રાણી, પદાર્થ કે સ્થળનો, કે કોઈ એક વર્ગની ચોક્કસ વ્યક્તિ અથવા વસ્તુનો નિર્દેશ કરનારી સંજ્ઞાને વ્યક્તિવાચક સંજ્ઞા કહે છે.

જેમ કે, રામ, લક્ષ્મણ, સીતા, નર્મદા, ગંગા, અમદાવાદ, પાલનપુર, સુરત, મધુસૂદનભાઈ, ગિરનાર, અરવલ્લી, કમળ, બુદ્ધ, લક્ષ્મી, સરસ્વતી, મહાકાલી વગેરે...

**૨. જાતિવાચક સંજ્ઞા :** સમસ્ત જાતિને લાગુ પડતી સંજ્ઞા જાતિવાચક સંજ્ઞા કહેવાય છે. જેમ કે, સ્ત્રી, પુરુષ, પક્ષી, પ્રાણી, હાથી, વાઘ, પર્વત, નદી, દરિયો વગેરે

**૩. સમૂહવાચક સંજ્ઞા :** સમૂહ કે જથ્થો બતાવતી સંજ્ઞાને સમૂહવાચક સંજ્ઞા કહે છે. જેમ કે, ટોળું, જૂથ, મંડળ, સંઘ, ભંડોળ, સૈન્ય, હાર

**૪. દ્રવ્યવાચક સંજ્ઞા :** જેમાંથી અન્ય ચીજવસ્તુ બને, જે જથ્થામાં દ્રવ્યરૂપે હોય તથા જેની ગણતરી પણ ન થઈ શકે પણ જેને તોલી કે માપી (તોલ-માપ) શકાય તેવી. વસ્તુના નામને દ્રવ્યવાચક સંજ્ઞા કહે છે. જેમ કે, સોનું, ચાંદી, તેલ, ઘી, દૂધ, દાળ, લોટ, કાપડ, રંગ, પેટ્રોલ, ડિઝલ વગેરે

**૫. ભાવવાચક સંજ્ઞા :** મનથી અનુભવાય અને મનુષ્યના ઈન્દ્રિયગ્રાહ્ય નવરસના ગુણને સૂચવતા વિશેણષણમાંથી બનાવેલું નામ ભાવવાચક સંજ્ઞા કહેવાય છે.
જેમ કે, ગુસ્સો, ક્રોધ, ધર્મ, યાત્રા, ભલાઈ, બુરાઈ, સેવા, આનંદ, પ્રેમ, રૂદન, નફરત વગેરે...

**શબ્દસંરચના :** ૧. પુલ્લિંગ  ૨. સ્ત્રીલિંગ  ૩. નપુંસકલિંગ

નરજાતિ, નારીજાતિ અને નાન્યતર જાતિનો નિર્દેશ કરતી સંજ્ઞાઓને વ્યાકરણની પરિભાષામાં અનુક્રમે પુલ્લિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગની સંજ્ઞાઓ કહે છે.

સામાન્ય રીતે  'ઓ' પુલ્લિંગનું ચિહ્ન છે.

'ઈ' સ્ત્રીલિંગનું ચિહ્ન છે.

'ઉં' નપુંસકલિંગનું ચિહ્ન છે.

જેમ કે  કૂતરો (પુલ્લિંગ)

રાણી (સ્ત્રીલિંગ)

ઘેટું (નપુંસકલિંગ)

કેટલીક સંજ્ઞાઓ લિંગ-ચિહ્ન વગરની પણ હોય.

જેમ કે

| | |
|---|---|
| હાથ, પગ, હાથી | - પુલ્લિંગ |
| ધેનુ, ધરા, કથા | - સ્ત્રીલિંગ |
| ગુલાબ, પરિણામ, પુસ્તક | - નપુંસકલિંગ |

## સ્વાધ્યાય

**પ્રશ્ન : ૧ નીચે આપેલ સંજ્ઞાઓનું વર્ગીકરણ કરો.**

હનુમાન દાદા, સહર્ષ, સવિતા, પંખી, કાઠિયાવાડ, તીખું, માટલાં, અર્જુન, સેના, ઔષધિ, ઘર, હાથી, રવિવાર, પતંગ, પેટ્રોલ, ખેડૂત, યુધિષ્ઠિર, રોટલો, ખુશમિજાજી, શિવરામ, શ્રીકૃષ્ણ, ઢગલો, ટોળું, મમરા, પૌંઆ, ખાંડ, ઘી, દૂધ.

**પ્રશ્ન : ૨ નીચે આપેલ સંજ્ઞાઓને લિંગ પ્રમાણે અલગ-અલગ તારવો.**

ગાય, ભેંસ, ગુલાબ, વીજળી, દીકરી, છોકરો, છોકરી, છોકરું, ઘોડો, હળ, ઝૂંપડી, દીવો, દીવડી, મામા, સૂર્યોદય, ચાંદો, પૂર્ણિમા, મન, મંદિર, ગિરિજાઘર, મસ્જિદ, દેરાસર, ગુરુદ્વારા, સાપુતારા.

**પ્ર.૬ નીચેનાં વાક્યોમાંથી રેખાંકિત સંજ્ઞાનો પ્રકાર જણાવો.**

૧. <u>ધર્મગુરુ</u> એ મોહનને આશિષ આપ્યા.

☐ જાતિવાચક ☐ ભાવવાચક ☐ વ્યક્તિવાચક

૨. રમાકાન્તના દીકરાએ <u>અમેરિકા</u> જવાનું નક્કી કર્યું.

☐ વ્યક્તિવાચક ☐ દ્રવ્યવાચક ☐ સમૂહવાચક

૩. મોઢેરાનું <u>સૂર્યમંદિર</u> જગવિખ્યાત છે.

- [ ] જાતિવાચક
- [ ] વ્યક્તિવાચક
- [ ] દ્રવ્યવાચક

૪. કમળાને <u>દૂધ</u> પીવું ખૂબ જ ગમે છે.

- [ ] દ્રવ્યવાચક
- [ ] સમૂહવાચક
- [ ] જાતિવાચક

૫. શિયાળાની ઋતુમાં સવારે વાતાવરણ <u>તાજગી</u> આપે છે.

- [ ] વ્યક્તિવાચક
- [ ] ભાવવાચક
- [ ] દ્રવ્યવાચક

૬. દૂર-દૂરથી વણઝારાનો <u>કાફલો</u> ચાલ્યો આવે છે.

- [ ] સમૂહવાચક
- [ ] જાતિવાચક
- [ ] ભાવવાચક

૭. <u>જમુનાકાકી</u> ને વેઢમી બહુ સરસ બનાવે છે.

- [ ] વ્યક્તિવાચક
- [ ] ભાવવાચક
- [ ] જાતિવાચક

૮. દશરથકાકાનો <u>દીકરો</u> છઠ્ઠા ધોરણમાં ભણે છે.

- [ ] જાતિવાચક
- [ ] વ્યક્તિવાચક
- [ ] સમૂહવાચક

૭ નીચેના શબ્દોમાંથી કયો શબ્દ સમાનાર્થી નથી તે જણાવો.

# 11. વૃક્ષો – આપણાં મિત્રો

'તરુનો બહુ આભાર, જગત પર તરુનો બહુ આભાર.'

વૃક્ષો ધરતીની શોભા છે. વૃક્ષો આપણને અનેક રીતે ઉપયોગી છે. તેનાં પાન હવામાંના કાર્બન ડાયૉક્સાઇડનો ઉપયોગ કરી વનસ્પતિ માટે સ્ટાર્ચ બનાવે છે અને પ્રાણવાયુ મુક્ત કરે છે. આમ, વૃક્ષો હવાને શુદ્ધ કરે છે.

વૃક્ષો ન હોય તો ધરતી વેરાન રણ જેવી બની જાય. વૃક્ષો વાદળાંને ઠંડાં પાડે છે, તેથી વરસાદ પડે છે. વૃક્ષો જમીનનું પાણીથી થતું ધોવાણ

અટકાવે છે. તે રણને આગળ વધતું અટકાવે છે. વૃક્ષની છાયામાં પશુઓ અને વટેમાર્ગુઓને ટાઢક અને આરામ મળે છે. વૃક્ષ પર પંખીઓ માળા બાંધે છે. વૃક્ષો આપણને ફળ અને ફૂલ આપે છે.

ખાખરાનાં પાનમાંથી પડિયા-પતરાળાં બને છે. વૃક્ષોનું લાકડું બળતણમાં વપરાય છે. કેટલાંક વૃક્ષોના લાકડામાંથી ઘરનું રાચરચીલું બને છે.

વૃક્ષો આપણને મધ, લાખ, ગુંદર, રબર તેમજ કેટલીક ઔષધિઓ આપે છે. પોચું લાકડું કાગળ અને દીવાસળી બનાવવામાં વપરાય છે.

ઝાડ તો આપણું જીવન છે. તેમના વિના જીવન શક્ય નથી.

વૃક્ષો આપણને મદદ કરતાં હોવાથી તે આપણાં મિત્રો છે. તે પથ્થર મારનારને પણ ફળ આપે છે; તેથી વૃક્ષો સંતો જેવાં છે.

વૃક્ષોનો ઘણો મહિમા છે. તેથી દર વર્ષે વૃક્ષારોપણદિનની ઉજવણી થાય છે. આપણે વૃક્ષોને બચાવીશું તો, વૃક્ષો આપણને બચાવશે.

આમ, મકરસંક્રાંતિ સૌને આનંદ આપનારો તહેવાર છે.

## 46. રક્ષાબંધન

રક્ષાબંધન ભાઈબહેનના પ્રેમનો તહેવાર છે.

રક્ષાબંધન શ્રાવણ મહિનાની પૂનમના દિવસે આવે છે. આ દિવસે ભાઈ અને બહેન વહેલી સવારે નાહીધોઈ સુંદર વસ્ત્રો પહેરે છે. બહેન પોતાના

ભાઈના કપાળમાં કંકુનો ચાંલ્લો કરે છે અને ચોખા ચોંટાડે છે. ત્યારપછી તે ભાઈના જમણા હાથે સુંદર રાખડી બાંધે છે. ગોળ, સાકર કે મીઠાઈથી ભાઈબહેન એકબીજાનું મોં મીઠું કરાવે છે. બહેન ભાઈને આશિષ આપે છે. ભાઈ બહેનને ભેટ આપે છે. 'રક્ષાબંધન'ને 'વીરપસલી' પણ કહે છે.

પ્રાચીનકાળમાં દેવો અને દાનવો વચ્ચે યુદ્ધ થયું હતું. યુદ્ધમાં દેવોનો વિજય થાય એટલા માટે ઇન્દ્રાણીએ પોતાના પતિ ઇન્દ્રના હાથે રાખડી બાંધી હતી. મેવાડની રાણી કર્માવતીએ હુમાયુને રાખડી મોકલી હતી અને તેને ધર્મનો ભાઈ માન્યો હતો. આથી હુમાયુએ તેની રક્ષા કરવા માટે પોતાનું લશ્કર મોકલ્યું હતું. કુંતામાતાએ કોઠાયુદ્ધમાં અભિમન્યુનો વિજય થાય તેવી ભાવનાથી તેને રાખડી બાંધી હતી. બ્રાહ્મણો પોતાના યજમાનોને રાખડી બાંધે છે અને આશીર્વાદ આપે છે. યજમાનો તેમને દક્ષિણા આપે છે. આમ, રક્ષાબંધન એ સામાજિક તહેવાર છે.

રક્ષાબંધનને દિવસે બ્રાહ્મણો જનોઈ બદલે છે. કેટલીક બહેનો જેલના કેદીઓને રાખડી બાંધવા જાય છે. માછીમારો અને સાગરખેડુ લોકો નાળિયેર વધેરી દરિયાની પૂજા કરે છે. તેથી આ તહેવારને 'નાળિયેરી પૂનમ' પણ કહે છે.

રક્ષાબંધન સૌને આનંદ આપતો ધાર્મિક તહેવાર છે.